મોબાઈલના કાળાબજાર માટે મોડાસા શહેર દેશમાં જાણીતુ એપી સેન્ટર

મોડાસાના લક્ષ્મી શોપિંગ સેન્ટરમાંથી ૪ મોબાઈલ વેપારી પાસેથી ૬.૫૯ લાખના ૪૦ મોબાઈલ જપ્ત

મોડાસા, તા. ૨૨

મોડાસા શહેર વિદેશમાંથી ચોરી કરાયેલા અને સેકન્ડ હેન્ડ તરીકે વેચાણ કરતા અને દેશના જુદા જુદા રાજ્યોમાંથી ચોરાયેલા સ્માર્ટફોન મોડાસાના બસસ્ટેન્ડ સામેના નામચીન માર્કેટમાં વેચાય છે. મોડાસાના લક્ષ્મી શોપિંગ સેન્ટરમાં આવેલી મોબાઈલ માર્કેટમાં છાપો મારી ૪ વેપારીઓ પાસેથી ૬.૫૯ લાખના ૪૦ સ્માર્ટફોન જપ્ત કરાયા હતા. મોબાઈલ બીલ વગરના હતા, મોબાઈલ ચોરીના હતા કે પછી મોબાઈલ અસલીના નામે નકલી હતા, જેવી અનેક આશંકાઓના પગલે ૪ વેપારીઓને ઝડપી જેલ ભેગા કરી અને યોગ્ય તપાસ મોડાસા ટાઉન પોલીસે તપાસ હાથ ધરી હતી.

મોડાસા બસસ્ટેન્ડ સામે આવેલા લક્ષ્મી શોપિંગ સેન્ટરમાં દુનિયાભરના નવા, જુના અને વિદેશી મોબાઈલોનું મોટાપાયે ગેરકાયદેસર વેચાણ થાય છે. મોડાસા ટાઉન પોલીસે ગુરૂવારે રાત્રીના સમયે આ નામચીન માર્કેટમાં છાપો મારી તપાસ હાથ ધરતાં મા. સલીમ મુસ્તુફીયા મલેક (આર.એમ. મોબાઈલ), મુસ્તુફા ગફુરભાઈ જેથરા અને મુસ્તાક ગુલામ અહમદ પટેલ (થ્રીસ્ટાર) અને સલાઉદ્દીન દાઉદભાઈ બાંડીની (લાલા મોબાઈલ) દુકાનમાંથી ૪૦ મોબાઈલ જપ્ત કરી બિલ વગરના મોબાઈલ જણાતા જપ્ત કરી લીધા હતા. ૪૦ સ્માર્ટફોનની કિંમત ૬.૫૯ લાખને આંબી જતાં પોલીસ પણ અવઢવમાં મુકાઈ હતી. મોડાસા ટાઉન પોલીસ દ્વારા મોબાઈલ શંકાસ્પદ ગણી ૪ વેપારીઓને ઝડપી લીધા હતા. પોલીસે ચારેય આરોપીઓ વિરૂદ્ધ ઈપીકો કલમ ૪૧ (૧) (ડી) હેઠળ કાર્યવાહી હાથ ધરી હતી. મોબાઈલના બિલો રજૂ ન કરી શકતા કે ૪ વેપારીઓ દ્વારા યોગ્ય માહિતી ન જણાવતા મોડાસા પોલીસે ૪૦ મોબાઈલ કબ્જે લેવાયા હતા. મોડાસા પોલીસે ૪૦ મોબાઈલમાં ઈએમઆઈ નંબર ચેન્જ જણાશે તો વધુ ગુનો ઉમેરવામાં આવશે.

વિશ્વની જાણીતી કંપનીના મોંઘા મોબાઈલ ભારતમાં લોન્ચ થતા પહેલા આ માર્કેટમાં આવી જાય છે

મોડાસા શહેરના બસ સ્ટેન્ડ વિસ્તારમાં આવેલા મોબાઈલ વેચનારા આ વેપારીઓ મોડાસા શહેર અને ભારત દેશના જુદા જુદા રાજ્યોમાં મોબાઈલ માર્કેટની મુખ્ય કંપનીઓ જેવી કે એપલ, સેમસંગ, એચટીસી, સોનીના મોંઘા અને અત્યાધુનિક મોબાઈલ ઈન્ડીયામાં લોન્ચ કરે તેના પહેલા જ મોડાસાના આ નામચીન મોબાઈલ શોપમાં સહેલાઈથી ઉપલબ્ધ બને છે. મોડાસા શહેરના આ માર્કેટમાંથી સમગ્ર દેશમાં રોજના લાખ્ખો રૂપિયાના મોબાઈલ સપ્લાય થાય છે. જ્યારે લાખ્ખો રૂપિયાના ચોરાઉ, વગર બિલના અને ડુપ્લીકેટ મોબાઈલની લેવડ-દેવડ થાય છે.

અન્ય રાજ્યોની પોલીસ ટીમ તપાસ સંદર્ભે નામચીન માર્કેટની મુલાકાતે કેટલીયવાર આવી

દેશના જુદા જુદા રાજ્યોમાંથી મોબાઈલ ચોરેલા મોડાસા માર્કેટ આવતા હોવાથી અને મોડાસાના મોબાઈલ વેપારીઓ દ્વારા ગ્રાહકોને પધરાવી દેવાતા મોબાઈલ ટ્રેસ થવાની ઘટનાઓ અનેકવાર બની ચુકી છે અને ચોરીના મોબાઈલનું પગેરૂ આ નામચીન માર્કેટની દુકાનો નીકળતા અહીંના વેપારીઓને અટક કરીને લઈ જવાના પણ અનેક બનાવો બની ચુક્યા છે.

સોમપુર પાસે વિદેશી દારૂ ઝડપાયો

માલપુર પોલીસે સોમપુર પાસે કારમાંથી ૫૦ હજારની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી એક બુટલેગરની ધરપકડ કરી હતી. માલપુરના પી.એસ.આઈ. ભાવનાબેન પટેલને ખાનગી બાતમી મળી હતી કે સોમપુર પાટીયા પાસે સેન્ટ્રોકારમાં વિદેશી દારૂ લઈ એક શખ્સ પસાર થઈ રહ્યો છે. જે બાતમીના આધારે પી.એસ.આઈ.એ પોતાની ટીમ સાથે માર્ગ પર વૉચ ગોઠવી હતી. દરમિયાન બાતમીના વર્ણનવાળી કાર આવતા પોલીસે તેને અટકાવી હતી. પોલીસે જીજે-૬-એચડી-૯૬૧૦માંથી રૂ. ૫૦ હજારની કિંમતનો દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. આમ પોલીસે રૂ. ૩,૭૭,૧૫૦નો મુદ્દામાલ કબ્જે કરી એક બુટલેગર હરીશ છગનભાઈ પાટણવાડીયાની ધરપકડ કરી હતી. જ્યારે શૈલેષ નામનો એક શખ્સ ફરાર થઈ ગયો હતો.

(તસવીર : જય અમીન, મોડાસા)

સપ્તેશ્વર અને હિંમતનગરમાંથી ત્રણ બાઈક ચોરાયા

ઈડર તાલુકાના સપ્તેશ્વર અને હિંમતનગરમાંથી બે અલગ-અલગ સ્થળેથી બાઈક ચોરાતા તે અંગેની ફરિયાદ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી. હિંમતનગરના બેરણા રોડ પર આવેલ ફેઈથ સ્કૂલ આગળ ગત બુધવારે બાઈક નં. જીજે-૨૪-એન-૩૫૭૫ લઈને બેરણાના મનુભાઈ ભીખાભાઈ પટેલનો પુત્ર આવ્યો હતો. જ્યાંથી બાઈક અજાણ્યો શખ્સ ચોરી કરીને લઈ ગયો હતો. જેની તપાસ કરવા છતાં કોઈ પત્તો મળ્યો ન હતો. તે જ પ્રમાણે સહકારી જીન વિસ્તારમાં નરેશભાઈ જેઠાભાઈ વણકરના ઘર આગળ પાર્ક કરેલ બાઈક નં. જીજે-૦૭-એબી-૪૩૮૮ને ગુરુવારે અજાણ્યો શખ્સ ચોરી કરીને લઈ ગયો હતો. જેથી બંને બાઈક ચોરી અંગે એ-જીવીઝન પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

પોશીનામાં આરોગ્ય જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૨૨

ભારત સરકારના સૂચના અને પ્રસારણ મંત્રાલયના ક્ષેત્રિય પ્રસાર કાર્યાલય પાલનપુર દ્વારા સ્વાસ્થ્ય જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન સામુહિક આરોગ્ય કેન્દ્ર પોશીના ખાતે કરવામાં આવ્યું હતું.

પોશીના ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા લીલી ઝંડી આપી જનજાગૃતિ રેલીથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. સભામંડપમાં આયોજિત કાર્યક્રમમાં તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. હિતેન્દ્રસિંહ એસ. ગઢવી, જિલ્લા મેલેરીયા અધિકારીશ્રી બનેસિંહ રાઠોડ, સામુહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષક તથા ગાયનેક ડૉ. અશ્વિન ગઢવી, મેડિકલ ઓફિસરશ્રી ડૉ. રાજન કાલરીયા, પ્રા.આ. કેન્દ્ર દંત્રાલ ડૉ. કે.એમ. ડાભી, ડૉ. બી.એસ. ગઢવી, ડૉ. લાજવતી મહાવર, ડૉ. કનુભાઈ બેગડીયા, ડૉ. કશ્યપ ચૌહાણ તેમજ તાલુકા આઈ.ઈ.સી. ઓફિસર રાજેન્દ્રસિંહ વાઘેલા ઉપસ્થિત રહેલ તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. હિતેન્દ્રસિંહ ગઢવીએ સરકારશ્રી દ્વારા ચાલતી આરોગ્યની વિવિધ યોજનાઓની માહિતી પુરી પાડી. ક્ષેત્રિય પ્રચાર કાર્યાલય પાલનપુર દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં પ્રશ્નમંચ ચર્ચા દ્વારા ઈનામ વિતરણ કરવામાં આવ્યું.

ક્ષેત્રિય પ્રચાર ઈન્ચાર્જ અધિકારી કે.આર. મહેશ્વરીએ કાર્યક્રમનું સફળ આયોજન કર્યું. મોટી સંખ્યામાં ઉપસ્થિત ગ્રામલોકો તેમજ તરૂણ તરૂણીઓએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો.

ખેડબ્રહ્માના સન્માનિત પીએસઆઈ સોનાને બદલે કથિર સાબિત થયા

ખેડબ્રમા, તા. ૨૨

ખેડબ્રહ્મામાં ૨૯ જુલાઈના રોજ ધોધમાર વરસાદ પડ્યો હતો ત્યારે જુની મેત્રાલ ગામ પાસે પડાવ નાંખીને પડેલા ૧૨૫ માલધારીઓ તેમના ૬૦૦ પશુઓ સાથે હરણાવ નદીના પટમાં ફસાઈ ગયા હતા.

આ માલધારીઓને બચાવવા ખેડબ્રહ્મા પીએસઆઈ એલ.પી. બોડાણા રેસ્ક્યુ ટીમ સાથે જૂની મેત્રાલ ગામે જઈ ફસાયેલા માલધારીઓને બચાવવાની કામગીરી કરી હતી. જેથી પીએસઆઈ એલ.પી. બોડાણાને ૧૫મી ઓગષ્ટે વડાલી ખાતે સ્વાતંત્ર્ય દિવસની ઉજવણીમાં આ બહાદુરી બદલ આરોગ્યમંત્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સન્માન થયાને ચાર દિવસ પછી પીએસઆઈ બોડાણા લાંચ પ્રકરણમાં ઝડપાઈ ગયા હતા. સરકાર દ્વારા જેને સુવર્ણ માની સન્માન કરવામાં આવ્યુ તે કથિર સાબિત થયુ. પીએસઆઈ બોડાણાના એક ચહેરા ઉપર અનેક ચહેરા હોવાનું ખેડબ્રહ્માની પ્રજા કહી રહી છે. ખેડબ્રહ્મામાં પોસ્ટીંગ થયા પછી પો.કો. વિક્રમસિંહની ભાગીદારીમાં ફરીયાદ નોંધ્યા સિવાય મારઝુડ કરી પૈસા ઝુડી લેવાના અનેક બનાવ ખેડબ્રહ્મામાં બન્યા હોવાની ચર્ચા થઈ રહી છે. પણ લોકોમાં કોઈ બોલવા તૈયાર નથી. લોકો દ્વારા વિક્રમસિંહ લાંચ કેસમાં ફસાયો તે પછી ગામમાં ફટાકડા ફુટ્યા અને પેંડા વહેંચાયા પણ પોલીસ વિરૂદ્ધ કોઈ બોલવા તૈયાર નથી તેટલો લોકોમાં ભય છે.

(રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ઊંઝા હાઈવે પર સવાલાખની મત્તાની ૧૫ જીરાની બોરીની ઉઠાંતરી

ઊંઝા, તા. ૨૨

ઊંઝા વિસ્તારમાં થોડા સમયના વિરામ બાદ તસ્કરોએ પુનઃ સક્રિય થતાં મિલકત વિરૂદ્ધના ગુનાઓનું પ્રમાણ વધી રહ્યું છે. આ વિસ્તારમાં નાની મોટી ઘરફોડ ચોરીઓના બનાવોને અટકાવામાં તેમજ આવા ગુનાઓના ભેદ ઉકેલવામાં પોલીસતંત્ર નિષ્ફળ નિવડતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળી જવા પામી છે.

તાજેતરમાં તાલુકાના બ્રાહ્મણવાડા ગામે એક મકાનમાં રાત્રીના સમયે અંદાજે સવા ચાર લાખની મત્તાની ઘરફોડ ચોરી થઈ હતી. આ ગુનાની તપાસમાં પોલીસ આરોપીઓનું કોઈ પગેરૂ શોધી શકી નથી. ત્યાં ઊંઝા ખાતે હાઈવે પાસે આવેલ એક ઈન્ડસ્ટ્રીઝમાંથી રાતના સમયે કોઈ તસ્કરો રૂપિયા ૧,૩૫,૦૦૦ની કિંમતની મત્તાની જીરૂ ભરેલ ૧૫ બોરીઓની આબાદ રીતે ચોરી કરીને ક્યાંક પલાયન થઈ ગયા હોવાનો બનાવ બન્યો છે.

વિગત એવી છે કે, ઊંઝા ખાતે નારાયણનગર સોસાયટીમાં રહેતા વેપારી ભોગીલાલ છગનલાલ પટેલની હાઈવે પાસે ધાણાદાળ ફેક્ટરીની પાછળ ઉમિયા કેટલફીડ ઈન્ડસ્ટ્રીઝ નામની ક્લીનીંગ ફેક્ટરી આવેલ છે.

જ્યાં રાતના સમયે કોઈ તસ્કરોએ ફેક્ટરીના ઉપરના ભાગે પતરાનો અડધો શેડ ખોલી અંદર પ્રવેશ કર્યો હતો. બાદ અંદર પડેલ જીરાની પંદર બોરીઓની ચોરી કરી હતી. ચોરીનો માલ બહાર કાઢવા માટે તસ્કરોએ ફેક્ટરીના લોખંડના દરવાજાનો નકૂચો ન હોઈ તાળા તોડી માલ બહાર કાઢ્યો હતો. આ અંગે ઊંઝા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

આર્થિક ધોરણે અનામત આપવા ભૂદેવોનો બ્રહ્મનાદ

હિંમતનગરના ટાવર ચોકથી કલેક્ટર કચેરી સુધી બ્રહ્મ સમાજના લોકો મોટી સંખ્યામાં રેલીમાં જોડાયા

હિંમતનગર, તા. ૨૨

સમગ્ર ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલનના કારણે રાજ્ય સરકારની ઉંઘ હરામ થઈ ગઈ છે ત્યારે પાટીદાર સમાજના પગલે બ્રહ્મ સમાજ દ્વારા અનામત આંદોલનનો ટંકાર કરવામાં આવ્યો છે. શુક્રવારે હિંમતનગરના ટાવર ચોકથી બપોરે ૨ કલાકે નીકળેલી રેલીમાં મોટી સંખ્યામાં ભૂદેવો ઉમટી પડ્યા હતા. આર્થિક ધોરણે અનામત આપોના નાદ વચ્ચે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પહોંચી ચીટનીશને આવેદનપત્ર આપ્યું હતું.

હિંમતનગર શહેરમાં સમસ્ત બ્રહ્મ સમાજ, પરશુરામ યુવક મંડળ, બ્રહ્મ સેના, તપોધન બ્રાહ્મણ સમાજ, ચોવીસી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજ સહિત વિવિધ બ્રાહ્મણ સમાજના અગ્રણીઓ, ભૂદેવો તથા મહિલાઓ રેલીમાં જોડાયા હતા. જબ જબ બ્રાહ્મણ બોલતા હૈ તબ સિંહાસન ડોલતા હૈ, જય પરશુરામ, હર હર મહાદેવના નાદ વચ્ચે આર્થિક ધોરણે અનામતની માંગણી કરી બ્રહ્મ સમાજના લોકો ઉમટી પડ્યા હતા. બ્રહ્મ સમાજ જાગો, અનામત માગોના સૂત્રોચ્ચાર કરતા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પહોંચેલી બ્રહ્મ સમાજની રેલીમાં જોડાયેલા અગ્રણીઓ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પહોંચીને ચીટનીશ વી. બી. પટેલને આવેદનપત્ર આપ્યું હતું.

આવેદનપત્ર આપતા બ્રહ્મ સમાજના અગ્રણી પિયુષભાઈ દવે, પ્રફુલભાઈ વ્યાસ, અતુલભાઈ સોમપુરા, અતુલભાઈ દિક્ષિત, સર્વાનંદ ભટ્ટ, નયનભાઈ મહેતા, ચિરાગ રાવલ, પંકજભાઈ ભટ્ટ સહિત બ્રહ્મ સમાજના આગેવાનોએ જણાવ્યું હતું કે માત્ર ને માત્ર આર્થિક માપદંડોથી જ ભારતમાં વસવાટ કરતા તમામ જ્ઞાતિના લોકોને અનામતમાં સમાવેશ કરવો જોઈએ. ઉચ્ચ શિક્ષણ જેવા કે મેડીકલ, ન્જિનીયરીંગ જેવા ક્ષેત્રોમાં અનામતના ધારાધોરણમાં ફેરફાર કરવો જોઈએ તેવી માંગણી કરી હતી.

મંત્રણા ટાળી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સહિતના વિસ્તારોમાંથી પણ લોકો જોડાવવા તૈયાર છે. સૌરાષ્ટ્રમાંથી પણ મોટી સંખ્યામાં લોકો પહોંચનાર છે. આશરે ૨૦ લાખ લોકો પહોંચે તેવી શક્યતા છે.પટેલ અનામત આંદોલનના નેતા તરીકે શરૂઆતથી જ હાર્દિક પટેલને અવગણી રહેલી સરકારે આજે અંતે હાર્દિક પટેલનેતા તરીકે સ્વીકાર કરતા લેખિતમાં મંત્રણાનું આમંત્રણ આપ્યું હતું. અનામતના મુદ્દા માટે સરકારે રચેલી સાત મંત્રીઓની સમિતિએ આજે શનિવારે સાંજે છ વાગ્યે મળવાનું લેખિતમા આમંત્રણ આપ્યું હોવા છતાં હાર્દિક પટેલ સહિતના છ પટેલ નેતાઓ સરકારી સમિતિને મળવા જ ગયા ન હતા. હાર્દિક પટેલે જણાવ્યું હતું કે, સરકારે અમારા જે છ સભ્યોને આમંત્રણ આપ્યું છે. તે તમામ હાલ એક જગ્યાએ નથી. અમે ગુજરાતમાં અલગ અલગ જગ્યાએ છીએ. અમે સાથે મળીને અમારી આંતરિક મિટિંગમાં નક્કી કરીશું કે સરકારે આપેલા આમંત્રણથી સરકાર સાથે બેઠક કરવી કે નહીં. આમે લેખિત આમંત્રણ મળ્યા બાદ પણ હાર્દિક પટેલે સરકાર સાથે બેઠક કરવાની હા પાડી ન હતી. ઉલ્લેખનીય છે કે, હાર્દિક પટેલે અગાઉ પણ સરકારે બનાવેલી સાત મંત્રીઓની સમિતિને પાવર વિનાની ગણાવી તેમની સાથે મંત્રણાનો કોઈ અર્થ ન હોવાનું જણાવ્યું હતું.

બંધનું એલાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રચંડ સફળતા પ્રાપ્ત થાય તેવા હેતુથી ગાંધીનગર જિલ્લામાં બંધનું એલાન આપ્યું છે. મંગળવારના રોજ જીલ્લાના સમસ્ત પાટીદાર વિદ્યાર્થીઓ, વેપારીઓ, નોકરીયાત વર્ગ, સહકારી આગેવાનો, ખેડૂતવર્ગ તથા સમાજને આ બંધના એલાનને ટેકો જાહેર કરી મહારેલીને સફળ બનાવવા અપીલ કરી છે. તો બીજી તરફ બંધ એલાનના બહાના હેઠળ કેટલાક અસામાજીક તત્વો ગેરફાયદો ઉઠાવી કાંકરીચાળો કરી જાય તો સંઘર્ષ થવાના એંધાણ ઉભા થવાની શક્યતા વધી ગઈ છે જેથી પોલીસ દ્વારા સઘન બંદોબસ્ત ગોઠવાય તે જરૂરી બની ગયું છે.

પ્રથમ ગરીબ કલ્યાણ મેળો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે એમ પણ કહ્યું કે ગતિશીલ ગુજરાતનો એજન્ડા એ સુશાસન તરફની ગતિ છે. સરકાર સીધી પ્રજાની સાથે સંવાદ કરી તેના પ્રશ્નોના ઉકેલ માટે સક્રિય બની છે. તેમણે કહ્યું કે વિકાસના ફળ સીધા લોકોને પ્રાપ્ત થાય તે હેતુ છે.

ગૃહ રાજય મંત્રીશ્રી રજનીકાંત પટેલે જણાવ્યું હતું કે સામાન્ય અને ગરીબ માનવીના ઉધારની પરિકલ્પના પૂજય મહાત્મા ગાંધીજીએ કરી હતી તે પરિપૂર્ણ કરવાની દિશામાં રાજય સરકારે સમગ્ર ગરીબ કલ્યાણ મેળાનું અભિયાન હાથ ધરીને શ્રેષ્ઠ કામગીરી કરી છે. સમાજના મુખ્ય પ્રવાહમાં અવિકસિત સમાજ જોડાય અને સાચા લાભાર્થીઓને સીધી સહાય મળે તે માટે ગરીબ કલ્યાણ મેળા સફળ સાબિત થયા છે. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ગાંધીનગર મહાનગરપાલિકાના શહેરી વિસ્તારના ગરીબ કલ્યાણ મેળાના આયોજન દ્વારા ૮૯૨ લાભાર્થીઓને રૂપિયા ૫૮.૬૦ લાખની રકમ વિવિધ યોજનાઓ હેઠળ સહાય રૂપે અપાઈ છે.

મંત્રીશ્રી રજનીકાંત પટેલે જણાવ્યું હતું કે તાજેતરમાં ભાવનગર ખાતે યોજાયેલા કુપોષિત અભિયાનના કાર્યક્રમના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલની ઉપસ્થિતિમાં ભાવનગર જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનોએ પ્રત્યેક ૨૫ કુપોષિત બાળકો દત્તક લઈ ૫૦૦થી વધુ બાળકોની તંદુરસ્તીની જવાબદારી ઉપાડી છે.

ગુડાના ચેરમેનશ્રી આશિષભાઈ દવેએ જણાવ્યું હતું કે ગરીબ કલ્યાણ મેળાથી ગરીબોને વિકસિત હરોળમાં પગભર થવાનું સામર્થ્ય પુરું પાડે છે. મહાનગરપાલિકા દ્વારા ગાંધીનગર શહેરના સ્વચ્છતા અભિયાનમાં સૌ નગરજનો સહકાર આપશે તો ગાંધીનગરને સ્વચ્છ રાખવું મુશ્કેલ નથી.

મહાનગરપાલિકાના મેયર શ્રીમતી હંસાબેન મોદીએ જણાવ્યું હતું કે સમગ્ર રાજયમાં ગરીબ કલ્યાણમેળા યોજીને સાચા લાભાર્થીઓને રાજય સરકારની વિવિધ યોજનાઓનો લાભ અપાઈ રહ્યો છે. તેમજ મહાનગરપાલિકા વિસ્તારની સગર્ભા બહેનો માટે અમલી બનાવેલ કઠોળ યોજના અને સ્વચ્છતા અભિયાનની દિશામાં કામગીરીની પણ વિસ્તૃત વાત કરી હતી.

આ પ્રસંગે મ્યુનિસિપલ કમિશનર શ્રી જી.આર. ચૌધરીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. કાર્યક્રમના અંતે આભારવિધિ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર શ્રી જી.બી. બારિયાએ કરી હતી.

આ પ્રસંગે ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ ગાંધીનગર (દ)ના ધારાસભ્યશ્રી શંભુજી ઠાકોર, ડેપ્યુટી મેયર શ્રી કાર્તિકભાઈ પટેલ, પૂર્વ મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, કોર્પોરેટર શ્રી શંકરભાઈ ચૌધરી, શ્રી સુરેશભાઈ મહેતા, શ્રીમતી પરાગી પંડયા, જાગૃતિબેન પુરોહિત, રમીલાબેન પરમાર, પ્રવિણાબેન દરજી, સુશ્રી દર્શનાબેન અડાલજા તેમજ મહિલા કાઉન્સીલરો સહિત અન્ય કોર્પોરેટરશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

ટ્રસ્ટી બનીએ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તથા સારા પ્લમ્બર હોવું એ પણ મોટી લાયકાત છે તેવું સ્પષ્ટ જણાવતા બાળકોને માતૃભાષામાં જ ભણાવવાનો ખાસ આગ્રહ કર્યો હતો.

ડૉ. ભદ્રાયુ વછરાજાનીએ વાલીગણને તેમની વાત અલગ અલગ ત્રણ વિડીયો ક્લીપ દર્શાવી સરળ ભાષામાં પ્રસ્તુત કરી હતી. તેમણે કાશ્મિરમાં ઠંડીથી બચવા સ્ત્રીઓ સગડી ગળે લગાડીને ફરે છે તેનું ઉદાહરણ આપતા ટોણો માર્યો હતો કે આપણું ચાલે તો બાળકને પરણાવીએ ત્યાં સુધી સગડીની જેમ ગળે વળગાડીને જ ફરીએ. શિક્ષકોને પણ ટકોર કરતા જણાવ્યું હતું કે દરેક શિક્ષકે પણ યાદ રાખવુ પડશે કે તેઓ એક શિક્ષક પણ છે. ડૉ. વછરાજાનીએ વાલીઓને ચેતવ્યા હતા કે તમારું બાળક તમે કહેલુ બધુ બહાર જઈને ટેસ્ટ કરે છે અને જો તમારૂ બાળક રોકટોકમાં જીવશે તો લોકોને ધુત્કારતા જ શીખશે, જો વિરોધના વાતાવરણમાં જીવશે તો ઝઘડતા શીખશે, જો મ્હેણાં-ટોણામાં જીવશે તો શંકાશીલ બનશે પરંતુ જો તમારૂ બાળક પ્રોત્સાહન અને પ્રેરણાના વાતાવરણમાં ઉછરશે તો તે આત્મવિશ્વાસુ બનશે, અનુમોદનના વાતાવરણમાં જીવશે તો જાતે વિચારતા શીખશે. તમારૂ બાળક તમારા કરતા વધુ ઈન્ટેલીજન્ટ છે અને આપણું બાળક આપણને સહન કરતુ હોય છે.

ડૉ. ભદ્રાયુએ ઉપસ્થિત તમામ મા-બાપને સ્પષ્ટ જણાવ્યું હતું કે તમારા બાળક સામે ક્યારેય તેના શિક્ષક વિશે ઘસાતુ ના બોલો અને શિક્ષકોને પણ તાકીદ કરી હતી કે બાળકના મા-બાપ વિશે ક્યારેય ઘસાતુ ન બોલવુ. બાળક સાથેનું કોમ્યુનેકનશને કડવુ ના બનવા દેવાની શીખ આપતા તેમણે કહ્યું કે બાળકની આગળ ચાલી તેને હંફાવશો નહી, તેની પાછળ ચાલી ચકાસશો નહી પરંતુ તેમની સાથે ચાલશો તો બાળકો વધુ સારી રીતે વિકસી શકશે. ખીચોખીચ ભરેલા ખીમજી વિસરામ હોલમાં શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ તથા કડી સંકુલના વીણાબેન પટેલની કાર્યક્રમમાં ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમનું સુચારું સંચાલન ચેતના બુચ દ્વારા કરાયું હતું.

શરતાજ બનાવો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શ્રોતાઓ ખડખડાટ હસીને હળવા ફૂલ બની હતા.સ્ટેજ પરથી અનોખા અંદાજમાં રજુ થતી હાસ્યરસની કૃતિઓએ શ્રોતાઓને ભીંજાવી દિધા હતા.સાંઈરામે હાસ્યની સાથે સમાજ વ્યવસ્થાને મજબુત બનાવતી જરૂરી બાબતો અંગે પણ શિક્ષિત વર્ગને જાગૃત થવા અનુરોધ કર્યો હતો. તેમણે હાસ્યની હળવી શૈલીમાં ઘણી ગંભીર વાતો પણ કરી હતી.આવનારી પેઢી દેશમાં અજવાળુ પાથરી શકે તે માટે તેમણે બાળકો બાળવાર્તા કવિતાઓ સાંભળવાથી ટેવાય તે માટે વાલીઓને જાગૃત રહેવા પણ જણાંવ્યુ હતુ. તેમણે જણાંવ્યુ હતુ કે બાળકોને માર્કશીટના મોહતાજ નહી પરંતુ ટેલેન્ટના શરતાજ બનાવો આજના શિક્ષણમાં માર્કશીટથી થતી આત્મહત્યા અટકાવવી અનિવાર્ય થઈ પડી છે. વિદ્યાર્થીઓની આંતરિક શકિત નિખારવાનુ કામ મહત્વનુ છે. આજની પેઢી મેધાણીથી માંડી મરીજને જાણવાથી વંચિત ન રહે તે જોવાનુ પણ અનિવાર્ય છે. આ ઉપરાંત તેમણે લોકગીતો સંભળાવતા શ્રોતાઓને આજની તુટતી સમાજ વ્યવસ્થાને સબળી કરવા પણ સંયુકત કુંટુંબીજનોનુ સન્માન કરવા જણાંવ્યુ હતુ. તેમણે જણાંવ્યુ હતુ કે કરોડોના બંગલામાં માં બાપ સમાતા નથી સંકડાશમાં બધા સચવાય છે. કાર્યક્રમ દરમિયાન સંસ્કૃતિ સંસ્થાના પ્રમુખ રમેશ પટેલ સહિતના અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં નગરજનોએ હાજરી આપી હતી.

મોડાસામાં ફિક્સ પગારદારોએ વિવિધ માંગો સાથે આવેદનપત્ર આપ્યું

મોડાસા, તા. ૨૨

અરવલ્લીના મોડાસામાં વિવિધ ક્ષેત્રની ફિક્સ પગાર ધોરણવાળા સરકારી કર્મચારીઓએ તેમને થતા અન્યાય અને પગાર વધારાની માંગ સાથે ગળા પર કાળી પટ્ટી બાંધી ના.મામલતદાર, વિદ્યાસહાયક, સેલટેક્ષ ઈન્સ્પેક્ટર, આઈટીઆઈ વગેરે કર્મચારીઓએ આજે મોડાસા કલેક્ટર કચેરીએ જઈ ડે. કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.

ગુજરાત સરકારમાં ૫ વર્ષના કરારના ધોરણે નિમણુંક પામેલ સમગ્ર રાજ્યના નાયબ માલમતદાર, નાયબ સેકશન અધિકારી, વિદ્યાસહાયક, સેલ ટેક્ષ ઈન્સ્પેક્ટર, આઈ.ટી.આઈ.ના ઈન્સ્ટ્રકટર વિગેરે વર્ગના કર્મચારીઓએ આજે કાળી પટ્ટી ધારણ કરી કામગીરી કરી હતી અને સરકાર જ્યાં સુધી ફિક્સ પગારની પદ્ધતી દૂર નહી કરે ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાનું આહવાન કરાયું છે. કર્મચારીઓએ જણાવ્યુ હતુ કે તેઓને ૭૮૦૦ થી લઈ ૧૩,૭૦૦ જેટલો મામુલી પગાર આપી શોષણ કરવામાં આવે છે અને જુના સાથી કર્મચારીઓને પુરો પગાર ચુકવવામાં આવે છે અને તેઓ પણ સમાન પ્રકારનું કામ કરે છે અને સમાન કામ સમાન વેચન નિયમનું ભંગ થાય છે અને સમયાંતરે ખાતાકીય પરીક્ષા, સીસીસીની પરીક્ષા વિભાગ લેતો નથી તેની સજા કર્મચારીઓએ ભોગવવી પડે છે અને તેઓને આઠ વર્ષ સુધી કાયમી કરવામાં આવતા નથી.

આગામી સમયમાં કર્મચારીઓના કુટુંબીજનો દ્વારા દરેક તાલુકા જિલ્લા મથકોએ આવેદન પત્રો અને ધરણાના કાર્યક્રમો યોજવામાં આવશે અને ગાંધીનગરમાં ગાંધી ચિંધ્યા માર્ગે મહાજ્યોત રેલી અને સામુહિક ઉપવાસનું આયોજન કરવામાં આવશે તેવું કર્મચારીઓ અને તેમના વાલીઓ દ્વારા જણાવવામાં આવેલ છે.

(તસવીર : જય અમીન, મોડાસા)